# કોંગ્રેસી ધારાસભ્યો તિરૂપતિનાં દર્શને જશે

## પક્ષમાં ગેરશિસ્ત સાંખી ના શકાય : ભરતસિંહ : સભ્યોને સોનિયા ગાંધીને મળવા લઇ જવાશે : જે સભ્યો રાજીનામા આપ્યા છે તેઓની વિરૂદ્ધ પણ પગલા લેવાશે

ગાંધીનગર,તા. ૯ કોંગ્રેસમાંથી આઠ બળવાખોર ધારાસભ્યોને છ વર્ષ માટે બરતરફ કરવાની શિક્ષાત્મક કાર્યવાહી બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, શંકરસિંહ સહિતના તમામ આઠ બળવાખોર ધારાસભ્યોએ પક્ષના વ્હીપનો અનાદર કરી ક્રોસ વોટીંગ કર્યું હતું. આ પ્રકારની ગંભીર ગેરશિસ્ત પક્ષમાં સાંખી શકાય નહી અને તેથી શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે તેઓને બરતરફ કરવામાં આવ્યા છે.

સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, આ તમામ આઠ બળવાખોર ધારાસભ્યો અન્ય કોઈ રાજકીય પક્ષમાંથી પણ ચૂંટણી લડી ના શકે તે માટે અમે કાયદાકીય પ્રક્રિયા અનુસરીશું, જેની તજવીજ ચાલી રહી છે. સોંલકીએ એ વાતનો પણ સંકેત આપ્યો હતો કે, ક્રોસવોટીંગ કરનાર આઠ ધારાસભ્યો સિવાય અગાઉ કોંગ્રેસમાંથી રાજીનામા આપનાર ધારાસભ્યો વિરૂધ્ધ પણ ટૂંક સમયમાં પગલા લેવાશે. તેમણે ભાજપના વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ પ્લસ બેઠકો મેળવવાના દાવાને ફગાવતાં જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાને રાજયસભાની આ ચૂંટણીમાં ભાજપે જે પ્રકારે સત્તા અને પૈસા ઉપરાંત સામ, દામ, દંડ અને ભેદની નીતિ અખત્યાર કરી હીન રાજનીતિ રમી છે તે ગુજરાતની જનતા જાણી ગઇ છે અને ગુજરાતની જનતા વિધાનસભા ચૂંટણીમાં તેનો ભાજપને જોરદાર જવાબ આપશે.

એહમદ પટેલની જીતના કારણે કોંગ્રેસનું નૈતિક મનોબળ ઉંચુ આવ્યું છે અને કાર્યકરોથી માંડી નેતાઓ સહિત સૌકોઇનો જુસ્સો વધ્યો છે. કોંગ્રેસ વધુ આક્રમક અને જુસ્સા સાથે વિધાનસભા ચૂંટણીમાં પ્રજામત મેળવશે. દરમ્યાન તેમણે એ વાત પણ જણાવી હતી કે, કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલની જીતને પગલે ધારાસભ્યોમાં ખુશીની લાગણી પ્રવર્તી રહી છે અને હવે જીત મળતાં તમામ ધારાસભ્યો તિરૂપતિ બાલાજીના દર્શનાર્થે લઇ જવાશે. જો કે, હજુ તેની તારીખ નક્કી નથી. ઉપરાંત, તમામ ધારાસભ્યોને જીતની ખુશીના ભાગરૂપે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને પણ મળવા લઇ જવાશે.

### ધારાસભ્યોને જીતાડવાની જવાબદારી હવે મારી : અહેમદ પટેલ

કોંગ્રેસના વિજયી ઉમેદવાર એહમદ પટેલે આજે ગાંધીનગરમાં કોંગ્રેસના તમામ વફાદાર ધારાસભ્યો અને આગેવાન નેતાઓ સાથે મહત્વની બેઠક યોજી હતી અને તેઓનો આભાર પણ માન્યો હતો. એહમદભાઈ પટેલે તમામ ધારાસભ્યોની વફાદારીને બિરદાવતાં જણાવ્યું હતું કે, રાજયસભાની ચૂંટણીના આ પરિણામોને પગલે આપણા કોંગ્રેસ પક્ષને એક નવુ જ બળ મળ્યું છે અને નવા જોમ જુસ્સા સાથે તેનો લાભ આપણે સૌએ ગુજરાતની આગામી વિધાનસભાની ચૂંટણીમાં લેવાનો છે. ગુજરાતની જનતાનો પ્રેમ અને જનમત આપણે મેળવવાનો છે ત્યારે સૌકોઇ તે વાતને ધ્યાનમાં લઇ ચૂંટણીલક્ષી બને. તેમણે ઉમેર્યું કે, તમે બધાએ મને જીતાડયો છે હવે ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં તમને બધાને જીતાડવાની જવાબદારી મારી છે. હું તમારા બધાની સાથે છું.

# અમિત શાહની કાર્યદક્ષતાથી પક્ષે નવી ઊંચાઈ હાંસલ કરી

## ગુજરાત વિધાનસભામાં નવનિયુક્ત રાજ્યસભાના સાંસદ અમિત શાહને પ્રસ્તાવ દ્વારા અભિનંદન આપવામાં આવ્યા

ગાંધીનગર, તા.૯ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે, દુનિયાનો સૌથી મોટો રાજકીય પક્ષ ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ અમીત શાહની કાર્યદક્ષતાને





કારણે ભારતીય જનતા પક્ષે દેશ વિશ્વમાં નવીજ ઉંચાઈઓ હાંસલ કરી છે. આજે ગુજરાત વિધાનસભા ખાતે નવનિયુક્ત રાજયસભાના સાંસદ અમીત શાહને ગૃહમાં અભિનંદન વિદાય માટે પ્રસ્તાવ રજુ કરતાં મુખ્યમંત્રી રૂપાણીએ ઉમેર્યુ હતું કે, વિધાનસભાએ લોકશાહીનું મંદિર છે.

રાજયના ૬.૫ કરોડથી વધુ ગુજરાતીઓની આશા આકાંક્ષાઓ અહીં રજુ થાય છે ત્યારે આપણે સૌ જનપ્રતિનિધિઓ તપ અને ત્યાગના ભાવથી જનતાની આકાંક્ષાઓ ઉજાગર કરીએ છીએ. તેજ રીતે આપણા આ વિધાનગૃહના સભ્ય અમીત શાહે અદના કાર્યકરથી શરૂ કરીને રાષ્ટ્રીય સ્તરે અધ્યક્ષની ભૂમિકા સુપેરે નિભાવી છે. તાજેતરમાં આપ સૌએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આજ રીતે ભાવભર્યું વિદાયમાન આપ્યું હતું. આજે મોસાળમાં મા પીરસે તો ગુજરાતને ક્યાં કંઈ ગુમાવવાનું છે, તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, વડાપ્રધાન અને સાંસદ અમીત શાહ દ્વારા બેવડા લાભ ગુજરાતને થશે. મુખ્યમંત્રી એ ઉમેર્યુ કે, અમીત શાહની દુરદર્શિતા અને આગવી કોઠાસુઝને પરિણામે ગુજરાતને ઘણાં લાભો થયાં છે. તેઓ મંત્રી બને કે ન બને તેમની કાર્યશૈલીમાં કોઈ ફેર ન પડે છેલ્લા ૨૦ વર્ષથી જાહેર જીવનમાં સેવા કરીને આ પડાવ સુધી તેઓ પહોંચ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારમાં ગૃહમંત્રી તરીકે પણ આજ ગૃહમાં સેવાઓ ગુજરાતમાં આતંકવાદી પ્રવૃતિઓને ડામી છે. જેનો દેશે અનેરો પડઘો પાડ્યો છે. જેથી ગુજરાતમાં આતંકવાદીઓ ઘુસવાની હિંમત કરી શક્તા નથી. મુખ્યમંત્રીએ કહ્યું કે, અમીત શાહએ જન્મજાત નેતા છે. તેમણે ધારાસભ્ય તરીકે પણ પ્રજાએ સોંપેલ જવાબદારી હિંમતપૂર્વક બજાવી છે.

# મોડાસાનો ૮ વર્ષનો બાળક અને માલપુરનો યુવાન સ્વાઈનફલુની ઝપેટમાં

## અરવલ્લી જિલ્લામાં સ્વાઇનફલુના પગપેસારાથી જિલ્લાવાસીઓમાં ફફડાટ : જિલ્લા આરોગ્ય વિભાગે સર્વેની કામગીરી હાથ ધરી

મોડાસા, તા. ૯ સમગ્ર ગુજરાતમાં સ્વાઈનફલુ નામની બીમારીએ



હાહાકાર મચાવતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. આ વખતે સ્વાઈનફલુથી થતા મોતની ટકાવારી ખુબ ઊંચી હોવાથી સ્વાઈનફલુનું નામ પડતાની સાથે જ લોકો રીતસરના ફફડી ઉઠે છે. અરવલ્લી જિલ્લામાં પણ સ્વાઈનફલુ ધીરે ધીરે પગ પેસારો કરતા જિલ્લામાં ભયનો માહોલ પેદા થયો છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસાની રહેણાંક સોસાયટીમાં રહેતો ૮ વર્ષનો બાળક અને માલપુરનો યુવાનને સ્વાઈનફલુ પોઝેટીવ આવતા હાહાકાર મચી ગયો છે. બંને સ્વાઈનફલુ પોઝેટીવ દર્દીઓ અમદાવાદ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જિલ્લા આરોગ્યવિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફલુ પોઝેટીવના ૨ દર્દીઓ મળી આવતા જિલ્લામાં ભય ફેલાયો છે. મોડાસાના બસ સ્ટેન્ડ પાછળ આવેલી માણેકબાગ સોસાયટીમાં રહેતા ૮ વર્ષના બાળકને શરદી, ખાંસી અને ભારે તાવના લક્ષણો જણાતા મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. પરંતુ બાળકની તબિયત નાજુક જણાતા તેને શનિવારે અમદાવાદની ખાનગી અંકુર બાળકોની હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં બાળકને શ્વાસ લેવામાં અને ભારે તાવ રહેતા તબીબને સ્વાઈનફલુના લક્ષણો જણાતા લોહીનું પરીક્ષણ કરાવતા બાળકનો એચ:૧ એન:૧ રિપોર્ટ પોઝેટીવ આવતા બાળકને સ્વાઈનફલુ નામની બીમારીમાં સપડાતા સઘન સારવાર હાથ ધરી અરવલ્લી જિલ્લા આરોગ્યવિભાગને જાણ કરી હતી. માલપુર ગામનો અન્ય એક યુવાનને શંકાસ્પદ સ્વાઈનફલુના લક્ષણો જણાતા તાબડતોડ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો અને હાલ સઘન સારવાર પછી યુવાનની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું હતું. જિલ્લામાં બે લોકો સ્વાઈનફલુમાં સપડાતા લોકો રીતસરના ફફડી ઉઠ્યા છે.

જિલ્લા આરોગ્ય વિભાગના એ.ડી.એચઓ ગોસ્વામીના જણાવ્યા અનુસાર મોડાસામાંથી ૮ વર્ષના બાળકનો સ્વાઈનફલુ ટેસ્ટ પોઝેટીવ આવ્યો છે અને માલપુરના યુવાનને શંકાસ્પદ સ્વાઈનફલુના લક્ષણો જણાઈ આવતા બંને દર્દીઓ હાલ અમદાવાદ સારવાર હેઠળ છે અને બંને દર્દીઓના રહેઠાણ વિસ્તારની આજુબાજુના ઘરો પરિવારજનો અને વિસ્તારમાં આરોગ્યવિભાગની ટીમો દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે અને શરદી, ખાંસી અને તાવના લક્ષણો કોઈ પણ વ્યક્તિમાં મળી નથી આવ્યા અને સતત અઠવાડિયા સુધી બંને વિસ્તાર સર્વેલન્સ હેઠળ રહેશે અને કોઈ પણ વ્યક્તિને શરદી, ખાંસી, તાવના લક્ષણો જણાશે તો આરોગ્યવિભાગના તબીબોની દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવશે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસે અહેમદ પટેલની જીતની ભવ્ય ઉજવણી

અરવલ્લી, તા. ૯ રાજયસભાની ચૂંટણીમાં ચાલેલા જંગ અને રાજકીય





કાવાદાવાની વચ્ચે ભાજપ દ્વારા તેના ત્રણ રાજયસભાના સાંસદનો ભવ્ય વિજય થશે અને કોંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલનો પરાજય થાય તે માટે એડીચોટીનું જોર લગાવી દીધું હતું સામે કોંગ્રેસ પક્ષની પ્રતીષ્ઠાનો સવાલ હોવાથી જીતવું જરૂરી હતું મંગળવારે યોજાયેલી રાજયસભાની ચૂંટણીમાં ભાજપના તમામ દાવપેચ કોંગ્રેસે ઊંધા પાડી અહેમદ પટેલ વિજય બનતા દેશ સહીત રાજ્યના અને પાયાના કાર્યકરોમાં ભારે હર્ષોલ્લાસ છવાયો હતો બુધવારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોડાસા ચાર રસ્તા ખાતે ૪ વાગ્યાના સુમારે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહી ફટાકડા ફોડી, ઢોલનગારા વગાડી મીઠાઈ વહેંચી આનંદોત્સવ મનાવ્યો હતો.

# ઉનાવા ગામની સીમમાં જુગાર રમતા નવ ઝડપાયા

ઊંઝા નજીકના ઉનાવા ગામની સીમમાં ડાભી તરફના રોડ પર વિદ્યુતબોર્ડના સબસ્ટેશન નજીક ટ્યુબવેલની લાઈટના અજવાળે ખુલ્લામાં ચાલતા જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડી સ્થળ પરથી નવ શખ્સોને ઝડપી લઈ રૂ. ૨૮,૯૦૦ની રોકડ રકમ તેમજ જુગારના સાધનો કબજે કર્યા હતા. ઉનાવાથી ડાભી જવાના માર્ગ પર વિદ્યુતબોર્ડના સબસ્ટેશન નજીક બોરની લાઈટના અજવાળે ખુલ્લામાં કેટલાક શખ્સો પોતાના આર્થિક ફાયદા માટે તીનપત્તીનો જુગાર રમતા રમાડતા હોવાની પોલીસને હકિકત મળી હતી. જેથી પોલીસે મધરાત બાદ આ જગ્યાએ અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પર જુગાર રમતા રમાડતા ઉનાવાના નવ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે અત્રેથી રૂપિયા ૨૮,૯૦૦ની રોકડ રકમ તેમજ જુગારના સાધનો કબજે કરી જુગારધારા અન્વયે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઉનાવામાં છેલ્લા કેટલાક વખતથી દારૂ જુગાર, કેફી પદાર્થોનું વેચાણ જેવી અસામાજીક બદીઓએ ભારે ઉપાડો લેતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે. ઝડપાયેલ જુગારીઓમાં પટેલ વિષ્ણુ થોભણદાસ, સુથાર તરૂણ જયંતિલાલ, પટેલ ચિરાગ લક્ષ્મણભાઈ, પટેલ જીતેન્દ્ર લક્ષ્મણભાઈ, પટેલ સુધીર કિશોરભાઈ, શાહ ચેતન ચંપકલાલ, પટેલ રાજેશ ત્રિભોવનભાઈ, મકવાણા કિરીટ શંકરલાલ, પટેલ મનોજ ગોપાળભાઈ રહે. ઉનાવાનો સમાવેશ થાય છે.

# મેરવાડા પાસેથી અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવતા ચકચાર

પાલનપુરના અંબાજી હાઈવે પર આજે એક અજાણ્યા ઈસમનો મૃતહદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પાલનપુર તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પાલનપુર-અંબાજી હાઈવે પર મેરવાડા ગામ નજીક એક અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવ્યો હતો. જેને પગલે લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ પાલનપુર તાલુકા પોલીસને કરાઈ હતી. જેને પગલે તાલુકા પોલીસે ઘટનાસ્થળે દોડી આવી મૃતહદેહનો કબ્જો લઈ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પી.એમ.અર્થે ખસેડ્યો હતો. પોલીસે મૃતક યુવકની ઓળખવીધીની તજવીજ હાથ ધરી હતી. જોકે, આ અજાણ્યા યુવકની હત્યા છે કે આત્મહત્યા? એ પોલીસ તપાસમાં બહાર આવશે.

### અનામત આંદોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે જે ઓબીસી વિદ્યાર્થીઓન મળી રહી છે. હાલમાં ઓબીસી વર્ગના વિદ્યાર્થીઓને ૬૦૫ પ્રવાહમાં છુટછાટ મળે છે. જે હવે મરાઠા સમુદાયના લોકોને પણ આપવામાં આવશે. સાથે સાથે એવી જાહેરાત પણ કરવામાં આવી છે કે, દરેક જિલ્લામાં મરાઠા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવવામાં આવશે. આના માટે તમામ જિલ્લાને પાંચ કરોડ રૂપિયા ફંડ તરીકે આપવામાં આવશે. મુખ્યમંત્રીએ મરાઠા સમુદાયના પ્રતિનિધિઓ અને તમામ પાર્ટીઓના નેતાઓ સાથે વાત કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, કોપર્ડી ગેંગરેપ કેસને ઝડપથી ઉકેલવાની દિશામાં તપાસ ચાલી રહી છે. છેલ્લા પાંચ મહિના દરમિયાન સરકારી વકીલ ઉજજવલ નિકમે ૩૧ સાક્ષીઓની ચકાસણી કરી છે પરંતુ પીડિતોના વકીલ દ્વારા આ મામલાને લટકાવી દેવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. આ મામલો મરાઠા સમુદાયની માંગમાં સામેલ છે. સમુદાયે ઈચ્છા વ્યક્ત કરી છે કે, ગયા વર્ષે અહેમદનગરના કોપર્ડીમાં કિશોરી પર ગેંગરેપ અને હત્યાના આરોપીઓને ફાંસી આપી દેવામાં આવે. આ મામલો હજુ કોર્ટમાં પેન્ડિંગ છે. સમુદાય ગરીબ પીડિત અટકાવવા સાથે સંબંધિત કાયદામાં ફેરફાર કરવાની માંગને લઈને આગળ વધી રહી છે. એમ માનવામાં આવે છે કે, મરાઠા આંદોલનના લાખો લોકો જોડાયા હતા.

### પ્રેરણા લઈએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોયા હતા. મોદીએ કહ્યું હતું કે, અમારી સ્વતંત્રતા માત્ર ભારત માટે જ નહીં બલ્કે વિશ્વના બીજા દેશો માટે પણ પ્રેરણારુપ રહી છે. તે વખતે ૧૯૪૨ના આંદોલન બાદ જ્યારે અમને આઝાદી મળી ત્યારે આ માત્ર અમારા દેશની સ્વતંત્રતા ન હતી બલ્કે આફ્રિકાથી લઈને અન્ય દેશો માટે પણ પ્રેરણાસમાન રહી હતી. ત્યારબાદ એક પછી એક અનેક દેશો સ્વતંત્ર થયા હતા. ભ્રષ્ટાચાર ખુબ જ ખતરનાક જોખમ તરીકે છે. વડાપ્રધાને કહ્યું હતું કે, ૨૦૧૭થી ૨૦૨૨ સુધી પાંચ વર્ષની અવધિમાં અમે એ ભાવના અને સંકલ્પની સાથે કામ કરવા માંગીએ છીએ જે કામ ૧૯૪૨થી ૧૯૪૭ વચ્ચેના ગાળામાં પાંચ વર્ષની અવધિમાં થયું હતું. વડાપ્રધાને કહ્યું હતું કે, ૧૯૪૨માં કરો અથવા મરોના નારાએ દેશના લોકોને રોમાંચિત કરી દીધા હતા. એવી જ રીતે હવે પણ નવા સંકલ્પો લઈને અમે કરીશું અને કરીને રહીશુંના સંકલ્પ લેવા જોઈએ. ગરીબી, કુપોષણ, ભ્રષ્ટાચારના પડકારો સામે લડવાનો સમય આવી ગયો છે. અમે સકારાત્મક ફેરફારો નિહાળી રહ્યા છીએ. ૨૦૨૨માં જ્યારે અમે સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂર્ણ કરીશું ત્યારે અમને સંકલ્પ કરવાની જરૂર છે કે, સ્વતંત્રતાના વીર જવાનોના સપનાને પૂર્ણ કરીશું. મોદીએ તમામ રાજકીય પક્ષોને સાથે મળીને આગળ આવવાની પણ અપીલ કરી હતી. કેટલાક મુદ્દા પર સહમતિ બનાવીને આગળ વધવાનો સમય છે.

### ભારત આવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીઈસીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં પૂર્વ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા દ્વારા કરવામાં આવી હતી. આ વર્ષે આઠમી બેઠક છે. મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન આ કાર્યક્રમનુ આયોજન કરવાની તક મળી હતી. આના કારણે એચ-૧બી વીઝાના મામલે ભારતન ફાયદો થઈ શકે છે. અમેરિકા તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં કારોબારને મજબુત કરવા માટે સમિટ ઉપયોગી સાબિત થઈ શકે છે. નવેમ્બર માસમાં તેમની યાત્રાની રાહ જોવામાં આવી રહીછે. ઈવાન્કાની ભારત યાત્રાથી ટ્રમ્પ અને મોદી વચ્ચેના સંબંધ વધારે મજબુત બની શકેછે.

### બરતરફ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજીનામા આપી દીધા હતા, જયારે બાપુ પોતે અને તેમના સમર્થક સાત ધારાસભ્યોએ ગઈકાલે રાજયસભાની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં કોંગ્રેસપક્ષના વ્હીપનો અનાદર કરી તેમના ઉમેદવાર એહમદ પટેલને મત આપવાને બદલે તેમના મતો ભાજપના ઉમેદવારોને આપ્યા હતા. જેને પગલે કોંગ્રેસના એહમદ પટેલને જીત મેળવવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જો કે, રાજયસભાની ચૂંટણી પૂર્ણ થતાંની સાથે જ કોંગ્રેસે આક્રમક મિજાજનો પરિચય કરાવી સપાટો બોલાવ્યો હતો અને તમામ સાત બળવાખોર ધારાસભ્યોને છ વર્ષ માટે પક્ષમાંથી બરતરફ કરી નાંખ્યા હતા. કોંગ્રેસ પક્ષની આ શિક્ષાત્મક કાર્યવાહીને બીજીબાજુ, પક્ષના વફાદાર અને છેક સુધી સાથે રહેલા તેમ જ એહમદ પટેલને જીતાડવામાં મહત્વનું યોગદાન આપનાર પક્ષના વફાદાર ધારાસભ્યોએ બિલકુલ યોગ્ય અને યથાર્થ ગણાવી હતી.

### જોમ-જુસ્સો વધ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એહમદ પટેલે બહુ જબદસ્ત રીતે અમિત શાહને મ્હાત આપી પોતાની ચાણકયનીતિને ચઢિયાતી સાબિત કરી બતાવી હતી. અભૂતપૂર્વ હાઈવોલ્ટેજ ડ્રામા, થ્રીલર અને સસ્પેન્સ વચ્ચે યોજાયેલી રાજયસભાની આ ચૂંટણી ગુજરાતના રાજકારણમાં કયારેય ભૂલાશે નહી. ગઈકાલે મોડી રાત બાદ જાહેર કરાયેલા રાજયસભાની ચૂંટણીના પરિણામોમાં ગુજરાતના ચૂંટણી અધિકારીએ સૌથી પહેલું નામ વિજેતા ઉમેદવાર તરીકે કોંગ્રેસના એહમદ પટેલનું નામ જાહેર કર્યું હતું. એહમદ પટેલને ૪૪ મતો મળ્યા હતા. ત્યારબાદ ભાજપના અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીના નામો જાહેર કરાયા હતા, જેઓને ૪૬-૪૬ મતો પ્રાપ્ત થયા હતા. જયારે બળવંતસિંહ રાજપૂતને માત્ર ૩૮ મતો મળતાં તેમનું હારેલા ઉમેદવાર તરીકે જાહેરાત થઈ હતી. પરિણામો જાહેર થતાં જ ગુજરાત સહિત દેશભરમાં તેના પ્રત્યાઘાત જોવા મળ્યા હતા. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ફોન કરી તેમના વિશ્વાસુ એહમદ પટેલને અભિનંદન પાઠવ્યા હતા તો, ભાજપની છાવણીમાં અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની જીતની ખુશહાલી જોવા મળી હતી. જો કે, અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની જીતની ખુશી એહમદ પટેલ જીતી જતાં ફિક્કી પડી હોવાનું સ્પષ્ટ પણે દેખાઈ આવતું હતું.

### નિર્ણય લીધો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષે મનપાની આવક ૭ કરોડ પર પહોંચશે તેમ જાણવા મળેલ છે.

સ્થાયી સમિતિએ વાર્ષિક હિસાબો જોવાની કામગીરી સ્થગિત રાખી છે અને હવે પછીની બેઠકમાં તે જોઈ અને ચર્ચા વિચારણાને અંતે પસાર કરાશે તેમ પણ જાણવા મળેલ છે.

આ બેઠકમાં નાના ભૂલકાંઓ માટે રમત-ગમતની કીટ મુકવા અંગેના બનાવાયેલ નિયમોમાં આંશિક સુધારાઓ સાથે હળવા કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### પરિણામને પડકારશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂપાણી પણ આ મુદ્દે કાનૂની લડતના વિકલ્પ પર વિચારણા ચાલી રહી હોવાના સંકેતો આપી ચુક્યા છે.

બીજી તરફ ભોળાભાઈ ગોહિલ અને રાઘવજી પટેલના મત રદ કરવાના નિર્ણય અંગે તેઓ હાઈકોર્ટમાં એક અલગથી રીટ પીટીશન કરી અને પંચના નિર્ણયને પડકારનાર હોવાનું જાણવા મળેલ છે.

આજે આખો દિવસ કાનૂનવિદો સાથે સતત પરામર્શને અંતે નિર્ણય લેવાઈ ચુક્યો છે અને એકાદ બે દિવસમાં જ રાજ્યની હાઈકોર્ટ અને દેશની સુપ્રિમકોર્ટમાં દ્વાર ખટખટાવી કાનૂની લડત આપવાનો નિર્ણય લેવાઈ ચુક્યો છે.

### રોકવાનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પછી તરત જ ૧૨મી જુને દરવાજા લગાવવાની મંજુરીઓ આપી દીધી છે તે જ બતાવે છે કે, નર્મદા યોજનાનું હિત કોના મનમાં વસેલુ છે. શાહે પીવાના પાણી, ખેતી, કૃષિ સહિત અનેક બાબતોમાં બહુહેતુક એવી નર્મદા યોજના દેશમાં સૌથી મહત્વની યોજના હોવા છતાં કોંગ્રેસની રાજકીય ઈચ્છાશક્તિને અભાવે વર્ષોથી ખોરંભે પડી હતી. જેનો ઉકેલ ભારતીય જનતા પાર્ટીએ પોતાની રાજકીય ઈચ્છા શક્તિથી આપ્યો છે. નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી સાથે સાથે ઔદ્યોગિક વિકાસ, પાણીની સમસ્યા, ઘાસચારાનો તેમજ દુષ્કાળ જેવી અનેક બાબતો આ યોજનાના ઝડપી અમલથી ઉકલી છે તેમાં કોઈ શંકા નથી. શાહે નર્મદા યોજનાને ખોરંભે પાડવા સ્થાનિક ગુજરાતના નેતાઓથી લઈ કેન્દ્રમાં કોંગ્રેસના નેતાઓએ અત્યાર સુધી જે ભૂમિકા ભજવી છે તેની જાણકારી આપી જણાવ્યું કે, નર્મદા યોજનાને રોકવાની હવે કોઈની તાકાત નથી. શાહે છેલ્લા ૨૦ વર્ષના પોતાના કાર્યકાળને યાદ કરી ગુજરાતના વિકાસમાં સહભાગી થયા તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, ગુજરાતે એવા વિકાસની ઉંચાઈ સર કરી છે કે દેશભરમાં મોડેલ સ્ટેટ બન્યું છે અને દેશમાં સતત સ્થિર સરકાર આપવાનું શ્રેય મેળવ્યું છે.

### ગાબડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થડીયા જોખમી હોવાનુ સ્પષ્ટ થઈ રહયુ છે. બીજીતરફ ફુટપાથનુ અધુરુ કામ પણ પુર્ણ થયુ નથી. ગ માર્ગ પર ફુટપાથની કામગીરી વર્ષોથી બાકી છે. ગ માર્ગ પર આર ટી ઓ કચેરીની સામે એકબાજુ ફુટપાથનુ કામ હજુ અપુર્ણ છે. જયારે ગ માર્ગની ફુટપાથ પર ટાઈલ્સો પણ ખુલ્લી થઈ ગઈ છે. વાઈબ્રન્ટ દરમિયાન શહેરના રોડ નેટવર્કના બ્યુટીફિકેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે ફુટપાથને પણ કલરકામ તેમજ રીપેરીંગ કરવામાં આવ્યુ હતુ. પરંતુ ફુટપાથની કામગીરીમાં પહેલીથી જ ગુણવત્તા ન જળવાતા વારંવાર વોક વે ની ટાઈલ્સો ઉખડી જવાની ફરિયાદો ઉઠવા પામે છે. જેના પરિણામે કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવતા ગમે ત્યારે નાગરિકો અકસ્માતનો ભોગ બને તેમ છે. ફુટપાથ નિર્માણની કામગીરીના અંતે લાંબા સમયથી જાળવણીની કામગીરી ખાડે ગઈ છે. ચ માર્ગ પર સે-૨ તરફ જવાના એપ્રોચ માર્ગ પાસે ફુટપાથમાં મોટુમસ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. મોટા તોતિંગ ખાડામાં ગમે ત્યારે વોકિંગ કરનાર નાગરિક ફસડાઈ પડે તેવી દહેશત છે. શહેરમાં અન્ય ઠેકાણે પણ ફુટપાથની ચેકર ટાઈલ્સ ઉખડી ગઈ છે.જયારે વૃક્ષના થડીયા પણ આડશ સાથે જોખમી બન્યા છે. ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ જાળવણી પાછળ લાખો રૂપિયાનો ખર્ચ વ્યર્થ થયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. વરસાદી દિવસોમાં ગટર લાઈનમાં અનેક ઠેકાણે ગાબડા પડયા છે. જયારે ફુટપાથ ઉપર પણ ગાબડા અસ્તિત્વમાં આવતા જોખમી દ્રશ્યો જોવા મળી રહયા છે.

### સ્વિઝ સ્પર્ધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. જેમાં મહાનુભાવાને લગતા પ્રશ્નોનો પણ સમાવેશ થાય છે. જયારે શાળા કક્ષાએ પ્રથમ અને દ્વિતિય સ્થાને વિજેતા તાલુકા કક્ષાએ ભાગ લેશે અને તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ આગળ વધશે. જિલ્લા કક્ષાના તેજસ્વી સ્પર્ધકોને રાજય કક્ષાએ ભાગ લેવાની તક મળશે. જિલ્લાની ૨૫૦થી વધુ શાળાઓમાં આ પ્રકારની સ્પર્ધા યોજવામાં આવશે. જેને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ પુર્ણતૈયારી કરી દેવાઈ છે.